જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૪/૨૦૧૮ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૬૧/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૧૦૨૫ લીટર દેશી દારૂ, ૧૭૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮ બિયર ટીન અને ૨ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧૧ કેસ કરી ૪૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૦૭,૮૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૬૨/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### સોનાના બે દોરા ખેંચી તોડી લઇ ગયા :- સમાચાર યાદી નં.૬૬૩/૧૮

**સરદારનગર :** જયપ્રકાશભાઇ વિશલદાસ વરલાણી (રહે,ન્યુ મહારાજ સોસાયટી, સિંધુ હોસ્પીટલની બાજુ માં કુબેરનગર, સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૪/૧૮ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે ગુલશન પાર્ટી પ્લોટ ની સામે એક્સીસ બેંક ની આગળ એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) જયપ્રકાશભાઇના ગળામાંથી બે સોનાના દોરા કુલ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- મતાના ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી એન.કે.રાઠવા ચલાવે છે.

### ઘરફોડ ચોરી :- સમાચાર યાદી નં.૬૬૪/૧૮

**કૃષ્ણનગર : (૧)** મોતીરામ વિરમભાઇ વાઘેલા (ઉ.વ.૫૮)(રહે,ગણેશનગર રાજાવીર સોસાયટીની બાજુમાં ઠક્કરનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૪/૧૮ ના કલાક ૧/૦૦ થી ૬/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, દાગીના તથા રોકડ રકમ મળી કુલ રૂપિયા ૯૨,૫૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી એન.પી.મારૂ ચલાવે છે.

**કૃષ્ણનગર : (૨)** મુકેશસિંગ ચીમનસિંગ તોમર (ઉ.વ.૪૦)(રહે,પાશ્વનાથ ટાઉનશિપ નવા નરોડા) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૪/૧૮ ના કલાક ૧૧/૪૫ થી તા.૦૪/૦૪/૧૮ સવારનાં ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની જાળીનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ મળી કુલ રૂપિયા ૫૮,૬૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી ડી.જી.વહોનિયા ચલાવે છે.

**નારણપુરા : (૧)** અરવિંદકુમાર સુનીલભાઇ તિવારી (ઉ.વ.૨૭)(રહે,જીવન સાધના સોસાયટી વરદાન ટાવર નારણપુરા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૪/૧૮ ના કલાક ૧૦/૧૫ થી સાંજનાં ૬/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, લેપટોપ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/-, સોના-ચાંદીના દાગીના તથા રોકડ રૂપિયા ૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૮,૦૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એન.પરમાર ચલાવે છે.

**નારણપુરા : (૨)** વિપુલ ભીખાભાઇ રાવલ (ઉ.વ.૩૨)(રહે,હેપ્પી હોમ એપાર્ટમેન્ટ શાસ્ત્રીનગર નારણપુરા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૪/૧૮ ના કલાક ૧૨/૦૦ થી ૧૨/૪૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, લેપટોપ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/-, સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૩૭,૩૫૦/- મત્તાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી બી.કે.રાઠોડ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૬૬૫/૧૮**

**વાસણા :** જશવંતભાઇ ભાવજીભાઇ મકવાણા (ઉ.વ.૬૫)(રહે,યોગેશ્વરનગર વિભાગ-૦૧ ગુપ્તાનગર વાસણા) એ કોઇ અગમ્ય કારણોસર તા.૪/૪/૧૮ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે કેરોસીન છાંટી સળગી જતા, શરીરે ગંભીર રીતે દાઝી જતા સારવાર માટે તેમને વા.સા. હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૫/૦૪/૧૮ ના કલાક ૦૦/૪૦ વાગે ફરજ પર ના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.ચોધરી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.